# Fun with Family

Day-45 | 13 May, 2020



BAPS

## "FWF SONG"



FUN with CRACKERS is Diwali

FUN with COLOURS is Holi

FUN with KITES is Makarsankaranti

Let's try today FUN WITH FAMILY

## "કવીઝ"

લો ત્યારે... ફરી એકવાર
આપની મનપસંદ
"સત્સંગ વિહાર કવીઝ"
આવી ગઈ છે... લીંક દબાવો
અને કવીઝમાં ભાગ લો...

- https://bit.ly/3cpaAL9 | Gujarati
- https://bit.ly/2yRJ9e6 | Hindi
- https://bit.ly/3bk54lc | English

## "માળાજાપ"



વર્તમાન મહામારીમાંથી આપણાં પરિવારની રક્ષા થાય
તે માટે આજે માળાથી મંત્રજાપની સાંકળ કરીશું...
વારાફરતી ઘરના બધા જ સભ્યો એકવાર
ઘરમંદિર પાસે બેસી ૧૧ માળા કરશે...
જો જો સાંકળ તૂટવી ન જોઈએ...

# મારો પરિવાર - સંપેલો પરિવાર



## ‘‘સફાઈ સેવક’’

આજે મમ્મીને કપડાં ધોવામાં
મદદ કરીશું...
બાળમિત્રો, મમ્મી શાબાશી આપે
તે રીતે મદદ કરજો... OK...

## ‘‘ચીપીયાથી ચીપો’’

બાળમિત્રો,
એક અફલાતુન રમત રમવા
થઈ જાઓ તૈયાર...
લીંક દબાવો અને રમત રમો...

https://bit.ly/2SYw5KZ



## ‘‘પ્રાતઃપૂજા પ્રાર્થના’’

બાળમિત્રો, આજે દિવસ દરમ્યાન અહીં
આપેલી પ્રાર્થના મોઢે કરીશું...
અને રોજ સવારે નિત્યપૂજામાં
આ પ્રાર્થના કરીશું...
તો આજે જ મોઢે
કરી લો...



‘‘હે મહારાજ, હે સ્વામી ! હે પ્રમુખસ્વામી મહારાજ !
હું હંમેશા આપની આજ્ઞા પાળું, ખરાબ કાર્ય ન કરું,
આપને રાજી કરી શકું તેવા બળ-બુદ્ધિ આપજો.
કુસંગ થકી રક્ષા કરજો અને સારાનો સંગ આપજો.
માતા-પિતાની સેવા કરું અને અભ્યાસ બરાબર કરું
અને આપનો આદર્શ ભક્ત બનું એવી શક્તિ આપજો.’’



## “Alien Feet”

બાળમિત્રો, હજુ એક રમત રમીએ...
જોઈએ તમારી ચાલ કેવી છે...
લીંક દબાવો અને રમત રમો...

https://bit.ly/2zxcCdz

# Fun Zone



## ''ચશ્મિસ પરિવાર''

મિત્રો, હવે કાગળમાંથી પરિવારના
બધા સભ્યો માટે ચશ્મા બનાવીશું...
અને તેમને પહેરાવી એક રમૂજી
Family Photo પણ પડાવીશું...
લીંક દબાવો અને શીખો...

https://bit.ly/3bsxPTc



## "Light-Camera-Action"

બાળમિત્રો, હવે બીજા બાળકોએ
હાથ કઈ રીતે ધોવા ?
તે શીખવતો Video બનાવીશું...
પપ્પા/મમ્મીની મદદ લઈ Creative Video
બનાવી અમને મોકલી આપો...
Best Video ને આવતા અંકમાં
મૂકવામાં આવશે.

## ''વારતા રે વારતા''

ચાલો, એક અદ્‌ભૂત વાર્તા માણીએ...
લીંક દબાવો અને વાર્તા માણો...

https://bit.ly/2AhlYdC



# “QUIZ TIME”






## ‘‘રાજીપો’’

બાળમિત્રો, ‘સહજાનંદ નામાવલી’ના આગળના ૧૦ નામનો અર્થ સમજીને મુખપાઠ કરી ક્વીઝમાં ભાગ લઈશું...

અર્થ : https://bit.ly/2SWDPNm

ક્વીઝ : https://bit.ly/2WqM8De


# "My Guru, My Life"

બાળ અધિવેશન ૨૦૧૯ માં સ્વામીશ્રી સમક્ષ
આપણા બાળમિત્રોએ ખૂબ જ સુંદર રજૂઆત કરી હતી...
આવો તેની સ્મૃતિ કરીએ...
પણ સ્વામીશ્રી તેમને કઈ રીતે બિરદાવે છે તે જોવા જેવું છે...
લીંક દબાવો અને વિડીયો માણો...

https://bit.ly/2YYzbSP





# The Lazy Camel




Once there was a very lazy camel. He never wanted to work in his life. One day while thinking of an easier way to get things he got an idea, "I will go to the forest and observe austerities. Then God will be pleased with me and grant me a boon."


The camel performed austerities and at last Brahmaji was pleased with him. Brahmaji asked, "What boon do you want?" The camel replied, "O Lord! Make my neck 400 meters long so that I can eat without having to get up and walk." Brahmaji asked again, "Are you sure? 400 meters long?" The camel replied, "Yes Lord. Make my neck 400 meters long. That way I will never have to move in my life."





Brahmaji granted him the boon. Now the camel would sit at one place and eat leaves and grass from the whole forest without moving. In this way he became even lazier.

One day the camel could not find anything to eat nearby. So he extended his long neck in search of food. While he was eating a violent storm with heavy rain started. The camel could not pull back his 400 meter long neck and so he entered a cave. By doing so at least his head would stay dry.





In this cave lived a family of foxes. At first they were surprised to see a head on a long neck. But when they realized that it was a camel's neck they all sunked their teeth into it and started eating.

His laziness had made him ask for a long neck and now it was so big that he could not bring it back. The foxes were enjoying him for dinner.

Sadly, the camel died saying, "My laziness brought my own death."



# વણજોઈતી સલાહ




એક જંગલમાં અટકચાળાં વાંદરાં રહેતાં હતાં. આખો દિવસ ધમાચકડી મચાવતાં. ઘડીકમાં એક વૃક્ષ પર કૂદાકૂદ તો ઘડીકમાં બીજા વૃક્ષ પર. કોઈ એમને કહેનારું ન હતું. વાસ્તવમાં તોફાની વાંદરાં કોઈનુંય સાંભળે એવાં પણ ન હતાં.

જંગલનાં અન્ય પશુપંખીઓ પોતાના રહેઠાણ માટે ઘર, બખોલ, ગુફા, માળો બનાવતાં પણ વાંદરાંઓને આવો વિચાર પણ આવતો નહીં. દિવસ આખો ધમાચકડી સિવાય જાણે કશું કામ જ નહીં!







આ વાંદરાંઓ જે વૃક્ષ પર વધુ ધમાચકડી કરતાં હતાં એની બાજુના વૃક્ષ પર ટચૂકડી એક સુગરી રહેતી હતી. એ આખો દિવસ વાંદરાંની ધમાલ જોઈને બબડતી- 'આ મૂર્ખાઓ આખરે ક્યારે સુધરશે ? એક વાર પસ્તાવાના છે.'

થોડા સમય પછી ચોમાસુ આવ્યું. આભમાંથી વીજળીના કડાકા થયા. પવનનાં તોફાનો થયાં અને મુશળધાર વરસાદ તૂટી પડ્યો. ચારેકોર જળબંબાકાર થઈ ગયું. જંગલનાં સૌ પંખીઓ પોતપોતાના માળામાં હતાં.






અતિશય વરસાદ અને પવનના લીધે વાંદરાંઓને ઠંડી ચડી. થર થર ધ્રૂજવા માંડ્યાં. ત્યારે એક વાંદરાએ ડહાપણ કરતાં કહ્યું, ‘લાકડાં અને લાલ ચણોઠી લાવીને એને ફૂંકો એટલે ભડકો થશે અને આપણી ટાઢ ઊડશે.’

એટલામાં અન્ય વાંદરાં આજુબાજુથી સૂકાં લાકડાં અને ચણોઠી લઈ આવ્યાં. ઢગલો કરીને લાલ ચણોઠી પર ફૂંકવા માંડ્યાં. ફૂંકો પર ફૂંકો... પણ એમ આગ ક્યાંથી સળગે ? એટલે બાજુના ઝાડ પર બેઠેલી સુગરીથી ન રહેવાયું. એણે કહ્યું, ‘મૂર્ખાઓ એમ ફૂંકો મારવાથી આગ ન લાગે.’







‘મૂર્ખા’ શબ્દ સાંભળી વાંદરાંઓ ચિડાયાં. એક તો ટાઢ અને મૂર્ખા શબ્દનું ઇનામ ! સુગરીએ આગળ કહ્યું, ‘આખો દિવસ ધમાલ મચાવી એના કરતાં ઘર બનાવ્યું હોત તો આ દિવસ આવત ? હવે ભોગવો મૂર્ખામીનું પરિણામ !’

સુગરીની શિખામણ સાંભળી વાંદરાંઓ ચિડાયાં. અણસમજુ વાંદરાંઓએ સમજુ સુગરીની શિખામણ માનવાને બદલે તેને મારી નાંખી. અને તેનો માળો તોડી નાંખ્યો.

**બોધ :** સાચે જ, મૂર્ખાઓને સુધરવા માટે ઉપદેશ આપવો એ નિરર્થક જ છે.



# અચરજભરી વાતો





૧. **વાયોલિન** ૭૦ પ્રકારનાં જુદાં-જુદાં લાકડાંમાંથી બને છે.

૨. **લક્કડખોદ** લાકડા પર એક જ સેકન્ડમાં ૨૦ વાર ચાંચ મારી શકે છે !

૩. **ગોકળગાય** તેના પગ વડે શ્વાસ લે છે !





૪. **ઈલ** માછલીના શરીરમાંથી પેદા થતી વીજળી ૫૦ ગાડીઓને સ્ટાર્ટ કરી શકે !

૫. દુનિયાની જાહેર લાઇબ્રેરીઓમાંથી **ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ**ની બુક સૌથી વધુ ચોરાઈ જવાનો રેકોર્ડ તેમાં (ગિનિસ બુકમાં) જ નોંધાયો છે.






૬. દુનિયામાં દર મિનિટે ૪૦ માણસોને **કૂતરાં** કરડવાને કારણે હોસ્પિટલ ભેગા કરવા પડે છે !

૭. **કમ્પ્યૂટર** પર કામ કરનારો માણસ સરેરાશ એક મિનિટમાં ૭ વાર જ **આંખો પટપટાવે** છે. જ્યારે આંખની તંદુરસ્તી માટે ૨૦ - ૩૦ વાર જરૂરી છે.

૮. દિવસના આરામ બાદ બપોર પછી તમારા **પગ**ના કદમાં સામાન્ય વધારો થાય છે !





૯. **ગોલ્ડ ફિશની** યાદશક્તિ માત્ર ૩ સેકન્ડની જ હોય છે.

૧૦. ડાયનેમાઈટ (બોંબ)ની બનાવટમાં **મગફળી**નો પણ ઉપયોગ થાય છે.

૧૧. દર વર્ષે ૪૦,૦૦૦ અમેરિકનો **ટોયલેટ** વાગવાને કારણે ઘાયલ થાય છે.





૧૨. ચાર ફૂટ ઊંચાઈ ધરાવતું બાળક પોતાના મોંમાં ઊભું રહી શકે, તેટલું **હિપ્પોપોટેમસ** પોતાનું મોઢું ખોલી શકે છે.

૧૩. '**મોલ**' નામનું પ્રાણી એક જ રાતમાં ૩૮૦ ફૂટ લાંબી ટનલ ખોદી શકે છે.



















Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...
"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

https://bit.ly/2Wpc4iC





# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. (**9998999209**)

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફસ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org


પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ